VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# રાવજી પટેલની કવિતામાં 'સૂર્ય' અને 'તમાકુ'નું પ્રતીક અને કલ્પન

## ડૉ. બિપિન ચૌધરી

આસી. પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, બેચરાજી. જિ. મહેસાણા

મોબાઈલ નંબર: 9998058797, ઈમેલ: bipinchaudhary617@gmail.com

આધુનિકતાનો અભિનિવેશ કુદરતી રીતે જ કોઈ કવિના સર્જનમાં પ્રગટ્યો હોય તો તે છે રાવજી પટેલ. રાવજી છોટાલાલ પટેલ ડાકોર પાસેના વલ્લભપુરા ગામનો વતની. તેમનું સાહિત્ય સર્જન નવલકથા, કવિતા અને વાર્તાઓ જેવા સ્વરૂપોમાં પ્રાપ્ત થાય છે. સર્જક રાવજીએ લગભગ ઈ.સ. ૧૯૬૦થી લેખન – સર્જનનો શુભારંભ કર્યો અને ઈ.સ. ૧૯૬૮માં ક્ષયની બીમારીને લીધે જીવવાની ઉંમરે આ કવિ અનંતની વાટે ચાલ્યો ગયો. તેમણે માંડ એક દસકો સાહિત્ય સર્જન કર્યું પણ જેટલું પણ સર્જન કર્યું તે ગુણવત્તા સભર છે. નવલકથા 'અશ્રુઘર' (૧૯૬૫), 'ઝંઝા' (૧૯૬૬), કાવ્યસંગ્રહ 'અંગત' (૧૯૭૧) અને અધૂરી નવલકથા 'વૃત્તિ' અને તેમની ટૂંકીવાર્તાઓ 'વૃત્તિ અને વાર્તા'નામે ઈ.સ. ૧૯૭૭માં પ્રકાશિત થઈ. રાવજી પટેલે એકાંકી લખવાના અધકચરા પ્રયત્નો કરેલા.

રાવજી પટેલે કાવ્યલેખનનો આરંભ કર્યો ત્યારે ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. પરંતુ આ આધુનિકતાના પ્રત્યક્ષ વિદ્યાર્થી બનવાનું કે તેના પરિચયમાં આવવાનું રાવજી પટેલના નસીબે ઝાઝું આવ્યું નથી. તેમણે સાહજિકતાથી પોતીકી રીતે જ સાહિત્ય સર્જન કર્યું છે. કાન્તના 'પૂર્વાલાપ'ની જેમ તેમના અવસાન બાદ'અંગત'કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો. સામાન્ય કવિઓ કલ્પનાની વેદનાને શબ્દરૂપ આપતા હોય પરંતુ રાવજીના ભાગે તો વેદનાનો ગાઢ પ્રત્યક્ષ અનુભવ આવ્યો છે. એક બાજુ ગરીબી અને જીવનસંઘર્ષ અને બીજી બાજું મૃત્યુ સામે જિજીવિષા, ત્રીજું ગ્રામજીવનની પ્રકૃતિ અને નગરજીવનની વિકૃતિ તેમની કાવ્યભાવનાનું આવલંબન બને છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ કહે છે કે " રાવજીના જીવનવૃક્ષનાં મૂળિયાંમાં રાજરોગની સાથે સાથે કંઈ કેટલાય વ્યાધિઓના રાફડા હતા, પણ એની ડાળીઓ પર તો કવિતાનાં હરિત પર્ણો જ ફૂટતાં જ જતાં હતાં." કૃષિકારનું ગ્રામીણ અને રાવજીએ પોતાના નાનકડા જીવનમાં જે જોયું –અનુભવ્યું- વેઠયું એને સર્જનમાં અવતાર્યું છે.

કૃષિકાર રાવજી પટેલ ગ્રામજીવનને અને કૃષિસંસ્કૃતિને પોતાની કવિતામાં પ્રબળતાથી તાજપ ભરી રીતે લઈ આવે છે. છાંદસ અછાંદસ, ગીત ,ગઝલ, મુક્તકદીર્ઘ કાવ્યો નર્મમર્મ યુક્ત રચનાઓ સોનેટ, લગુકાવ્યો વગેરે કાવ્યસ્વરૂપ વૈવિધ્ય વડે રાવજીએ પોતાના સંવેદનવિશ્વ ભાવવિશ્વને પ્રગટ કર્યું છે. શબ્દના અર્થ જ નહિ તેના નાદ અને લયને પ્રમાણી આગવી કોઠાસૂઝથી કવિતામાં પ્રયોજ્યો છે. સર્ગશક્તિના પ્રબળ ઉન્મેષો વડે કમનીય કાવ્યકૃતિઓ પ્રગટાવી છે. ગ્રામ્ય પરિવેશમાંથી કલ્પનો અને પ્રતીકો લઈ કાવ્ય સિદ્ધ કરવાનું વલણ જોવા મળે છે. ગુજરાતી કવિતામાં પૂર્વે ન હતાં તેવાં પ્રતીકો અને કલ્પનો નિરૂપવાનો શ્રેય રાવજી પટેલને જાય છે. આ 'દગ્ધકૃષિ' કવિ દર્દેદિલ છે, જીવનનું દર્દ, પ્રણય-વિરહનું દર્દ અને ગામ વતન વિચ્છેદનું દર્દ નગર સંસ્કૃતિનું દર્દ તેણે કવિતામાં ગાયું છે. તેનું જીવન 'અશ્રુઘર'છે.

કવિ રાવજી પટેલ પ્રકૃતિ અને માનવજીવનને સાથે સાથે મૂકીને પ્રકૃતિજન્ય સંવેદનાઓને વાચા આપે છે. લીલાંછમ ખેતરો, આંબો, કોયલ, મહુડો, ગાયોનાં ધણ, તડકો, સીમ, શેઢો, તમાકુ, ડૂંડા, ફળિયું, ચકલી, મોર વગેરે રાવજી પટેલની કવિતામાં કૃષિ વિષયક અસબાબ વિવિધ સ્વરૂપે આવે છે. આપણા જાણીતા વિવેચક રમણલાલ જોશી કહે છે તેમ "

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

'અંગત'ની કવિતા એ ધરતીના 'કૃષિકવિ'ની કવિતા છે. એની તાજી માદક સુગંધ ફરી ફરી અનુભવવી ગમે એવી છે." રાવજીની કવિતામાં આસપાસના પરિવેશમાંથી અને પ્રકૃતિમાંથી રચાતાં કલ્પનો આવે છે, આ કલ્પનો આપણી પંચેન્દ્રિયોને લગતાં છે, આસ્વાદ્ય ઇન્દ્રિયવ્યત્યયો પણ છે. કવિએ ગામ –ઘર –ખેતરના પરિવેશમાંથી સહજ કલ્પનો રચી આપ્યાં છે. તો ઘણીવાર એક ઈન્દ્રિયનો વિષય બીજી ઈન્દ્રિયમાં ભેળવી-મેળવી પોતાના ભાવને મૂર્ત કરતાં ક્લ્પનો રચી દે છે.

સૂર્ય અને તમાકુના કલ્પનો અને પ્રતીકો રાવજીની કવિતામાં અનેકવાર આવે છે. 'અંગત' કાવ્યસંગ્રહની શરૂઆતથી આ પ્રકારના કલ્પન અને પ્રતીકો જોવા મળે છે. અલબત્ત, ગુજરાતી કવિતામાં સૂર્યનું કલ્પન અનેક કવિઓની કવિતામાં જોવા મળે છે. જેમ કે, નિરંજન ભગતના, લાભશકર ઠાકર, હરીન્દ્ર દવે, પ્રિયકાન્ત મણિયાર વગેરેની કવિતામાં. સૂર્યનું અત્યંત હાથવગું કલ્પન પણ રાવજીની કલમ વડે કવિતારૂપે પ્રગટે છે. રાવજીનો સુર્ય પણ કેટલો અને કેવો છે? સૂર્યનું પ્રતીક અનેકવાર કામાસક્ત પુરુષની આવેજીમાં વપરાયું હોય છે. 'પત્નીનો નિન્દ્રા સ્પર્શ' કાવ્યમાંનો સૂર્ય જુઓ:

" આ પાથી વંટોળ સૂરજનો

તે પાથી વાયુનાં પંખી

હભળક કરતાં આવ્યાં.....

ત્યાં

મારી પાસે વેરણછેરણ ઊંઘ ઓઢીને ઘોરે

શાંતિ રણ જેવી લંબાઈ પડેલી" ( 'અંગત' પૃ. ૮)

પ્રસ્તુત કાવ્યમાં વાસનાવૃતિની અદમ્ય ઝંખના અને તે સંતોષી શકવાની અસમર્થતા, અતૃપ્તિ, મનની અશાંત અવસ્થાનું વાસ્તવિક નિરૂપણ થયેલ છે. સ્મૃતિ અને સ્વપ્નમાં ઝોલે ચડેલી માનસિક ક્રિયા 'વંટોળ સૂરજનો' અને 'વાયુનાં પંખી'થી વ્યક્ત થાય છે.

રાવજીના 'હંસગીત' તરીકે ઓળખાતા ગીત 'મારી આંખે કંકુના સુરજ'માંનો 'કંકુનો સૂર્ય' પત્નીના સૌભાગ્યના ચિહ્નના પ્રતીકરૂપ આવે છે. જીવનશક્તિરૂપ સૂર્ય ઊર્જા અને અજવાળાના પ્રતીકરૂપ છે. કાવ્યનાયક મરણ પથારીએથી પત્નીના કપાળેથી કંકુના સૂરજ રોજ રોજ વિવશ બનીને આથમતા નિહાળે છે. અતૃપ્ત પ્રણયજીવન અને મૃત્યુની આગોતરી એંધાણી ગીતને જીવંત બનાવે છે તો સાથે વિષાદની ગહનતાનો સ્પર્શ પણ કરાવે છે.

'અંધકાર' કાવ્યમાં સૂર્યને કામાસક્ત પુરુષના પ્રતીકરૂપે અને 'ઝાકળના ઘોડા'ના કલ્પન દ્વારા કામાસક્ત ક્ષણનું અલ્પજીવીપણું સૂચવ્યું છે તે જુઓ:

"એકલો રહ્યો રહ્યો હું સ્પર્શદેશને યાદ કરૂં

તો પલભર પાંપણને તટ વ્હેતું આવે વિશ્વ.

તોરીલો સૂર્ય ઝૂલતો ઝાકળના ઘોડા પર બેસી." ('અંગત' પૃ.૧૭)

'અંગતની' કવિતામાં જાનપદી સૃષ્ટિની રંગદર્શી ભાવ છટાઓનું ઘૂંટેલું ચોટદાર ચિત્રણ વિવિધ અલંકારો, કલ્પન-પ્રતીકોની અરૂઢ બાનીમાં વ્યક્ત થયેલું જોઈ શકાય છે. પ્રકૃતિ જાણે રાવજીની અંગત મિત્ર છે. તેથી તો રાવજી પોતાના આપને ખોલવા યા ઊર્મિઓને આલેખવા એટલેજ પ્રકૃતિ તત્ત્વોનો સહારો લે છે. સૂર્યનું કલ્પન અને રીતે આવે છે. જેમ કે, 'સૂતેલો સૂર્ય', 'છલકાતો સૂર્ય', 'આંખામાંથી ખરી જતો સૂર્ય', 'કાવ્યરિક્ત સૂર્ય', 'કંકુનો સુરજ' 'પોચા પોચા ગાલ જેવો સૂર્ય' વગેરે રૂપે આવે છે.

કવિ રાવજી પટેલ આધુનિકતામાં તળપદ્દ વાતાવરણ ખડું કરે છે. સૂર્યની જેમ તમાકુ પણ દરેક વખતે નવીન આવિષ્કાર રૂપે આવે છે. જેમ કે, પ્રથમ કાવ્ય 'એક બપોરે'માં જીવનની ઉદાસીને રાવજી પટેલ તમાકુ દ્વારા કેવી રીતે સૂચવે છે તે જુઓ ;

"મા,

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

આ ચલમની તમાકુમાં કસ નથી.
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગનિ."

કવિ રાવજી ક્ષયની વ્યાધિથી વિષાદ ગ્રસ્ત મનોવેદના અનુભવે છે. જીવનરૂપી ખેતરમાંથી સારસી રૂપી આત્મા ગમે ત્યારે ઊડી જવાનો છે. તેની કાવ્ય નાયકને ખબર છે. સારસી કલ્પનનો અર્થ પ્રિયતામા લઈએ તો સારસ બેલડીમાંથી એક વિખૂટું પડે તો બીજું તેના વગર જીવી શકતું નથી. 'એકલો સારસ' ઉદાસ વ્યથિત રહે છે. કાવ્ય નાયકના જીવનમાં નિરાશા, હતાશા વ્યાપી ગઈ છે. તેને જીવનની કોઈપણ વૃતિ- પ્રવૃતિમાં રસ નથી. તમાકુમાંથી જ નહિ જીવનમાંથીય રસ ચાલ્યો ગયો છે. એ તમાકુના પ્રતીક દ્વારા સૂચવાયું છે. તમાકુ પિવાઈ જાય પછી તેમાં કસ રહેતો નથી, પરંતુ અહીં 'તમાકુ' હજી પૂરી પિવાઈ નથી તેમાં કસ છે. પરંતુ પ્રિયાના ચાલ્યા જવાથી તેમાં કશો રસકસ નથી. તેમાં જોઈએ એવો નશો મળતો નથી. 'ઢોલિયે' કાવ્યમાં ચલમની તમાકુ નોખા સ્વરૂપે આવી છે. જુઓ:

" અમે અજાણ્યા ક્યાં લગ રહેશું?
કહો તમારા ઘરમાં?
કહો તમારા ઘરમાંથી વળી
તબો- તમાકુ પંડ ઊઠીને ક્યારે લેશું?"

ગ્રામીણ સમાજમાં ચા- બીડી- તમાકુ સારા-નરસા તમામ સામાજિક પ્રસંગોએ એકબીજાને પ્રેમથી પીવા માટે આપવામાં આવે છે. કાવ્યનાયક નાયિકાના ઘરમાં ઢોલિયે પોઢેલો છે, પરંતુ જોઈએ તેવી નિકટતા કે પરિચિતતા કેળવાઈ નથી. એટલે જ કહે છે તમારા ઘરમાંથી જાતે ચલમનો તવો-તમાકુનો ક્યારે લઈશું?

'એક રુગ્ણ કવિતામાં' શિયાળાની ઠંડી રાત્રીમાં કાવ્ય નાયિકાના આગમનના 'સેન્ડલ' અવાજના મિથ્યા ભણકારા પછી ઉજાગરાને અંતે સવાર તમાકુના સહારે જ પડે છે. પ્રિયતમાની વિરહની વેદનામાં તમાકુ જ મલમ પટ્ટી છે તે કેવી રીતે છોડી શકાય? જુઓ:

" ૭-૪૫ સવાર
ચૂનો –તમાકુ કેમ છોડું ?
એના વગર તો સાવ અડવું ના મને લાગે ?
દિવસ આખો જતો રહે કેમ-
તે –તો
સોન-પાંદડીઓ જાણે!"

તેમજ દિવસનો પણ સહારો તમાકુની 'સોન-પાંદડીઓ' છે. આમ, રાવજી પટેલની કવિતામાં તમાકુ જુદીજુદી રીતે કલ્પન અને પ્રતીકરૂપે આવી છે. બીજાં કેટલાક ઉદાહરણ જુઓ: ''તમાકુના છોડને ઉછેરીએ એવી કાળજીથી નોકરીને પાળવું છું''(પૃ. ૩૩), 'સોનેરી પતું તમાકુનું તડકાની આંગળીથી આમળાતું એમ" (પૃ.૪૨), "તમાકુના પાન પર તડકો બેસે" (પૃ.૫૪),"આ અણખેડયું ખેતર,વડ,તમાકુ હું ને જર્જરશાખા." (પૃ.૭૪) વગેરે.

કવિ રાવજી પટેલ ગામડામાં જન્મેલો, ઉછરેલો, રમેલો, રજોટાયેલો ખેડૂત પુત્ર છે. ખેડા- ચરોતર એ તમાકુનું મબલક ઉત્પાદન કરતો પ્રદેશ છે. રાવજીના ખેતરમાં તમાકુની વાવણી કેમ બાકાત રહે? વળી, કવિ તમાકુના બંધાણી હોવાના ક્યાંક ક્યાંક નિર્દેશ પણ તેમની કવિતામાં મળે છે. તમાકુના કલ્પનમાં સ્વકીય મુદ્રા ઉપસાવવાનો કવિનો પ્રયત્ન જોઈ શકાય છે.

## સંદર્ભ ગ્રંથો:

1. 'અંગત', રાવજી પટેલ, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, પ્રથમ આવૃતિ: ૧૯૭૧

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

2. 'અંગગત છવિ', જયેન્દ્ર શેખડીવાળા, ઈ કોપી, WWW.GUJLIT.COM
3. 'રાવજી પટેલ', મણિલાલ હ. પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃતિ: ૨૦૦૫
4. 'મોલ ભરેલું ખેતર', મણિલાલ હ.પટેલ, ગુજરાત વિશ્વ કોશ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ આવૃતિ: ૨૦૧૮

http://vidyajournal.org